CAREERINDIA

No. of Printed Pages : **5**

**6818**

Register Number

# Language – Part I – GUJARATI – Paper II

Time Allowed : 2½ Hours ] [ Maximum Marks : 100

સૂચના : (1) પ્રશ્ન પત્રનું મુદ્રણ સંતોષકારક છે તે તપાસી લેવું. જો કોઈ ખામી લાગી તો, ખંડ પરિનિરીક્ષક ને તુરત જાણ કરવી.

(2) લખવા તથા અન્ડરલાઈન કરવા માટે ભૂરી અથવા કાળી સ્યાહીનો ઉપયોગ કરવો અને ચિત્ર દોરવા માટે પેન્સિલનો ઉપયોગ કરવો.

**I. નીચે આપેલા પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.** **20x1=20**

**1.** શબ્દાર્થ લખોઃ આભ, મેહ, ચાકરી, સૂબો

**2.** સમાનાર્થી શબ્દો લખો : કૃષ્ણ, સમુદ્ર, સૂર્ય, ફોરમ

**3.** વિરૂદ્ધાર્થી શબ્દો લખોઃ આળસુ, સુલભ, વિકારી, આદર

**4.** ભાવવાચક સંજ્ઞા બનાવોઃ મધુર, સ્વસ્થ, નવીન, દીન

**5.** વિશેષણ શોધીને લખોઃ સીતા હોંશિયાર છે.

**6.** ક્રિયાપદ શોધીને લખોઃ તે હસતાં હસતાં રડી પડ્યો.

**7.** સર્વનામ શોધી લખોઃ તેની પાસે મારા પુસ્તકો છે.

**8.** કર્તરિ વાક્ય બનાવોઃ મારાથી ખેતરે જવાશે નહીં

**9.** કર્મણિ વાક્ય બનાવોઃ તું શીલાને અન્યાય કરી રહ્યો છે.

**10.** પ્રશ્નાર્થ વાક્ય બનાવોઃ કુદરત આગળ બધાય લાચાર છે.

[ Turn over

www.careerindia.com

CAREERINDIA



11. ઉદ્ગાર વાક્ય બનાવો: ગાંડી કુસુમ તદ્દન ડાહી થઈ ગઈ.

12. નિષેધ વાક્ય બનાવો: મારે ખરેખર જીવવું છે.

13. સંધિ જોડો: દેવ + આલય, નામ + આવલિ

14. સંધિ વિગ્રહ કરો: સરોવર, વાતાવરણ

15. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો: અવાજ વગરનું

16. અલંકાર ઓળખાવો: દીકરાઓ પાણીની પેઠે પૈસા વાપરે છે.

17. સમાસ ઓળખાવો: દયાપાત્ર, મહોત્સવ

18. વચન બદલી વાક્ય ફરીથી લખો: બાળક મેદાનમાં રમે છે.

19. જાતિ ઓળખાવો: સ્ત્રી, રાજા

20. લિંગ બદલો: સેવક, દાદા

**II.** **નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.** **5x2=10**

21. ક્રિયાપદના કાળ કેટલા છે ? કયા કયા ?

22. નામ/સંજ્ઞા કોને કહેવાય ?

23. સર્વનામના ચાર પ્રકારના નામ લખો.

24. વિશેષણ એટલે શું ?

25. ક્રિયાપદ કોને કહેવાય ?

www.careerindia.com

CAREERINDIA



**III.** કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ લખો. **4x5=20**

26. નદી કિનારેથી મળી આવેલ બાળકને જીવાડવા અને ઉછેરવા માટે જિદ્દુનાથે શું કર્યું ?

27. કલ્યાણનું પાત્રાલેખન કરો.

28. વલભાએ છોકરાંનાં હલકાં નામ પાડવાના વહેમ અંગે શું કહ્યું ?

29. પતિનો પ્રેમ મેળવવા માટે કુમુદે શું શું કર્યું ?

30. રવિપ્રસાદનો પાત્ર પરિચય આપો.

31. 'પલ્લું કર્યુ તે પતિ' શીર્ષકની યથાર્થતા સિદ્ધ કરો.

**IV.** નીચે આપેલા મુદ્દાઓ પરથી વાર્તા બનાવો. **8**

32. એક પતિતા-પથ્થર લઈ તોફાની ટોળું પાછળ પડ્યું - આ બાઈ કુલટા છે તેને મારી નાખો - ચોકમાં ભગવાન ઈસુ ખ્રિસ્તની ઉપદેશ સભા-પતિતા ઈસુની પાછળ છુપાઈ-'અમને એ વ્યભિચારિણી સ્ત્રી સોંપી દો' ઈસુનો જવાબ - ''જેણે પાપ ન કર્યું હોય તે પહેલો પથ્થર મારે !'' ટોળું વિખરાઈ ગયું.

**અથવા**

તમને આવડતી કોઈપણ એક વાર્તા મુદ્દા સાથે લખો.

**V.** પત્રલેખન **8**

33. રજાઓ તમે કેવી રીતે પસાર કરશો તેનું વર્ણન કરતો પત્ર સખીને લખો.

**અથવા**

તમારા વિસ્તારમાં વારંવાર ગટર ઉભરાય છે તે માટે જરૂરી પગલાં લેવા માટે સુધરાઈના મુખ્ય અધિકારીને પત્ર લખો.

**VI.** વિસ્તાર કરો. **5**

34. પોંગલ - દક્ષિણ ભારતના રાજ્યોમાં ઉજવાતો તહેવાર - ચાર દિવસનો તહેવાર - સૂર્ય પૂજા, ગાય પૂજા અને ફરવાની મજા - ઉત્તર ભારતમાં ઉતરાયણ કે મકર સંક્રાંતિને નામે ઉજવાતો તહેવાર - નવા ધાનની પણ પૂજા

**VII.** નીચે આપેલ વિષય પર કોઈપણ એક કાવ્ય લખો. **5**

35. શ્રીકૃષ્ણ અથવા મેઘ

[ Turn over

www.careerindia.com

CAREERINDIA



**VIII. 36.** કાવ્યનો ભાવાર્થ લખોઃ **5**

બાઈ, અમે પકડી આંબલિયાની ડાળ રે,

જંગલ માંહી એકલી હો જી.

ઓતર-દખણથી ચડી એક વાદળી રે

વરસ્યા બારે મેઘ રે.

બીજાને મારે આંખડી હોજી.

નદી કિનારે બેટો એક બગલો રે, હંસલો જાણીને કીધી પ્રીત રે,

મુંઢામાં મલી માછલી હોજી.

ફૂલનો પછેડો ઓઢું પ્રેમઘાટડી રે, બાઈ મારો શામળિયો ભરથાર રે,

બીજાને મારી ચૂંદડી હોજી.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધરના ગુણ, બાઈ મારો પિયુડો પરદેશ રે,

ફરુકે મારી આંખડી હો જી.

**IX. નીચે આપેલ ગદ્યાર્થ વાંચીને પ્રશ્નોના જવાબ લખો.** **5**

**37.** વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને પોતાના મીઠાંફળ બીજાને આપે છે પર્યાવરણ શુદ્ધ રાખવાનું મોટું કાર્ય કરે છે. વરસાદ લાવે છે. જમીનનું ધોવાણ અટકાવે છે. જીવનના હર ક્ષેત્રમાં વૃક્ષો આપણને સાથ આપે છે. વૃક્ષો આપણા મિત્રો છે. શું આપણે તેના મિત્રો છીએ ખરા ? આ વાત દરેક મનુષ્યને વિચારવી રહી. વૃક્ષો કાપતાં આપણે આપણા ખુદના પગ પર તો કુહાડો નથી ચલાવતાને ? શું આજનું શિક્ષણ ''વૃક્ષો એ જ જીવનનો આધાર છે'' તે વિદ્યાર્થીઓને સમજાવી શકવામાં સફળ થશે ?

પ્રશ્નો :

(a) વૃક્ષો આપણને શું શું આપે છે ?

(b) વૃક્ષો કયું મોટું કાર્ય કરે છે ?

(c) મનુષ્યો વૃક્ષોને શા માટે કાપે છે ?

(d) વૃક્ષો કાપીને મનુષ્ય કોને નુકસાન કરે છે ?

(e) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

www.careerindia.com

CAREERINDIA



**X.** નીચે આપેલ ગદ્યખંડ વાંચી તેમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ લખો. **3**

**38.** આજનું શિક્ષણ વિદ્યાર્થીની યાદદાસ્તને જ ઉત્તેજન આપે છે. સંસ્કાર ઘડતરમાં આ પ્રકારનું પુસ્તકિયું જ્ઞાન ઉપયોગી થતું નથી. જ્ઞાનનાં આવરણોમાંથી મુક્ત થવાય તો જ સંસ્કારગ્રહણ થાય. જ્યારે સંસ્કારનિર્મિતિ શાંત થાય છે, ત્યારે સાવધાની શરૂ થાય છે.

(a) આજનું શિક્ષણ કોને ઉત્તેજન આપે છે ?

(b) સંસ્કાર ઘડતરમાં કેવા પ્રકારનું જ્ઞાન ઉપયોગી થતું નથી ?

(c) સંસ્કાર ગ્રહણ ક્યારે થાય ?

**XI.** નીચે આપેલ વાક્યો વાંચી પ્રશ્નોના જવાબ લખો. **2**

**39.** તમે શાળામાં તમારા વર્ગખંડમા છો. કેટલાક વિદ્યાર્થીઓ વર્ગમાં કચરો નાંખે છે. તમે તેને કેવી રીતે સમજાવશો કે તેમનું આ કાર્ય યોગ્ય નથી.

(a) તમે ક્યાં છો ?

(b) કેટલાક વિદ્યાર્થીઓ શું કરી રહ્યા છે ?

**XII.** અનુવાદ કરો. **2**

**40.** અન્ડરલાઈન શબ્દોનું ગુજરાતીમાં અનુવાદ કરો.

(a) <u>ટીચર</u> <u>ગ્રામર</u> શીખવે છે.

(b) <u>ટ્રી</u> પર પક્ષીઓ બેઠા છે.

**41.** નીચે આપેલા અંકોને ગુજરાતી શબ્દોમાં લખો. **2**

25, 32, 99, 105

**42.** નીચે આપેલા વાક્યોનો ગુજરાતીમાં અનુવાદ કરો. **3**

(a) There are seven birds on the tree.

(b) Peacock is our National bird.

(c) Every city in our country is crowded.

**43.** નીચે આપેલ કહેવતોનો ગુજરાતીમાં અનુવાદ કરો. **2**

(a) Health is wealth.

(b) Old is Gold.

- o 0 o -

www.careerindia.com

www.careerindia.com